# <u>ખાસ શરતો</u>

- ઉંચી ટાંકીના ડિમોલીશન કરતી વખતે જો કોઈ જાનહાની કે નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે તથા આ બાબતે સરકારશ્રી પાસે કોઈ પણ પ્રકારના વળતરનો દાવો કરી શકાશે નહી.
- આ કામના ટેન્ડરો ઈજારદારશ્રીએ સ્થળ મુલાકાત કરી ભરાવાના રહેશે. ટેન્ડર ખુલ્યા બાદ કોઈ પણ વાંધો ગ્રાહય રાખાવામાં આવશે નહી.
- ઉંચી ટાંકી ઉતારી લેવા માટે રાખેલ માણસો/કામદારોનો વીમો ઉતરાવવાનો રહેશે અને તેને પગાર ભથ્થા ચૂકવવાની જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.(CAR Policy લેવાની રહેશે.)
- ઉંચી ટાંકી ના ડિમોલીશન વખતે તેની આજુબાજુના કોઈ મકાન કે સંપતિ કે કોઈ માણસોને નુકશાન ન થાય તે માટે હવાલાના ઈજનેરના દર્શાવ્યા મુજબ યોગ્ય અંતરે લોખંડના પતરાની દિવાલ ઓછામાં ઓછી ૩ મીટર ઊંચાઈમાં કરી તેના પર રીફલેકટીવ સેફટી પટ્ટી લગાવવાની રહેશે.
- સદર ડિમોલીશનને લીધે નીકળેલ ડેબ્રીજ એકત્રિત કરી હેડ વર્કસ પરથી દુર કરવાનો રહેશે.
- ઉંચી ટાંકીને ફાઉન્ડેશન સુધી સંપૂર્ણપણે ઉતારી લીધા બાદ તમામ કાટમાળ દૂર કરીને જમીનને સમથળ કરી આપવાની રહેશે, તે સિવાય જામીન અનામત પરત મળશે નહી.
- ઉંચી ટાંકીનો કાટમાળ ઉપરથી નીચે છુટ્ટો નહીં ફેકતા વ્યવસ્થિત ઉતારવાનો રહેશે.
- એકત્રિત કરેલો તમામ કાટમાળ સાપ્તાહિક સમયાંતરે ઉપાડી લેવાનો રહેશે.
- ઉંચી ટાંકીના ડિમોલેશનમાં મંજુર થયેલ બોલી (ભાવ)ની રકમ પર લાગુ પડતા જી.એસ.ટી.ના દર પ્રમાણેની રકમ એજન્સીએ પોતે અલાયદી ભરપાઈ કરવાની રહેશે તે સિવાય લાગુ પડતા કરવેરા પણ અલાયદા ભરપાઈ કરવાના રહેશે.
- બ્યુરો ઓફ ઈંન્ડિયન સ્ટાન્ડર્ડ મુજબ કામગીરી કરવાની રહેશે.
- વર્કઓર્ડર મળ્યા બાદ તોડવાની કામગીરી શરૂ કરતાં પહેલાં એન્જિનિયર ઈન્ચાર્જ પાસેથી કબજા પાવતી / તાબા પાવતી મેળવવાની રહેશે. કબજો મળેલા ઘટક સિવાય કોઈપણ ઘટક તોડવામાં

આવશે અથવા નુકશાન થશે અથવા આપના મજૂરો ધ્વારા સામાન કાઢવામાં આવશે . તો તેની જવાબદારી આપની એજન્સીની રહેશે અને સદર નુકશાન પેટે જામીન અનામત જપ્ત કરવામાં આવશે.

- સદર કામગીરી માટેની નક્કી થયેલ જમા કરવા પાત્ર રકમ /CI/MS/DI પાઇપોનો જથ્થો કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ,લુણાવાડા. ખાતે જમા કર્યા બાદજ કાટમાળ લઈ જવાની પરવાનગી આપવામાં આવશે.

**ઠેકેદારની સહી**

**નાયબકાર્યપાલક ઈજનેર**
**જાહેર આરોગ્ય સુખકારી પેટા વિભાગ**
**લુણાવાડા**

**કાર્યપાલક ઈજનેર**
**જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ**
**લુણાવાડા**